ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા:૨૦/૦૫/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

.................................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા આયોજીત
## ૭ દિવસીય એસ્ટ્રોનોમી સમર કેમ્પ પુર્ણ.

ઉનાળુ વેકેશન દરમ્યાન એસ્ટ્રોનોમીમાં રસ ધરાવતાં કોઈપણ વ્યકિતઓ માટે તા. ૦૫/૦૫/૨૦૧૬ થી તા.૧૦/૦૫/૨૦૧૬ દરમ્યાન ૭ દિવસીય **એસ્ટ્રોનોમી સમર કેમ્પ** નું ભાવનગર એસ્ટ્રોનોમી કલબ અંર્તગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સ્વામી વિવેકાનંદ હોલ, એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગર ખાતે આયોજન કરવામાં આવેલ.

જેમાં એસ્ટ્રોનોમી વિષયના જાણકાર અને પ્રસિધ્ધ એવાં શ્રી નરેન્દ્રભાઈ ગોર(કચ્છ એસ્ટ્રોનોમી કલબ, કચ્છ), શ્રી બ્રીજમોહન ઠાકોર (સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર), ડૉ. જે. પી. જોષી (નિવૃત સાયન્ટીસ્ટ, સ્પેસ એપ્લીકેશન સેન્ટર, ઈસરો, અમદાવાદ), ડૉ. સુભાષભાઈ મહેતા (નિવૃત પ્રોફેસર સર પી. પી. સાયન્સ ઈન્સ્ટીટયુટ, ભાવનગર) વગેરે તજજ્ઞો દ્વારા દરરોજ એસ્ટ્રોનોમી વિષય પર એક લેકચર તથા લેકચરના વિષય આધારીત અલગ અલગ એકટીવીટીનું આયોજન કરવામાં આવેલ.

એસ્ટ્રોનોમી સમર કેમ્પના પ્રથમ દિવસે શ્રી નરેન્દ્રભાઈ ગોર દ્વારા "આપણા રોજીદા જીવનમાં એસ્ટ્રોનોમી" વિષય પર લેકચર આપી આપણી પરંપરાઓ, રુઢીઓ વગેરે સાથે એસ્ટ્રોનોમી કઈરીતે સંકળાયેલ છે તેની વિસ્તૃત માહિતી આપેલ. ઉપરાંત તા. ૦૫/૦૫/૨૦૧૬ રાત્રે ૮ કલાકે એસ્ટ્રોનોમી સમર કેમ્પના તમામ વિદ્યાર્થીઓ માટે આકાશ દર્શનનો કાર્યક્રમ કુડા ગામનાં દરીયા કિનારે યોજવામાં આવેલ. જેમાં શ્રી નરેન્દ્રભાઈ ગોર અને શ્રી બ્રીજમોહન ઠાકોર દ્વારા રાત્રીના સમયે કોઈપણ ઈલેકટ્રોનીકસ ગેજેટ વગર દિશાની જાણકારી ઉપરાંત નરી આંખે દેખાતા નક્ષત્રો, રાશીઓ અને ગ્રહોની વિસ્તૃત માહિતી આપેલ.

એસ્ટ્રોનોમી સમર કેમ્પના બીજા દિવસે શ્રી બ્રીજમોહન ઠાકોર દ્વારા "ખગોળ એટલે શું ? " વિષયને અનુલક્ષીને લેકચર આપવામાં આવેલ. જેમાં પૃથ્વીના ઉદભવથી લઈને હાલના ડિજીટલ યુગ સુધીમાં ખગોળમાં થયેલ ફેરફારો, ખરેખર ખગોળ શબ્દ કયાથી આવ્યો છે ? વગેરે મુદ્દાની વિસ્તૃત માહિતી આપેલ. ત્યારબાદ વિષય આધારીત એકટીવીટીના ભાગ રૂપે વિદ્યાર્થીઓ પાસે કાગળ અને પેન્સીલની મદદથી સોલાર કલોકના મોડેલ્સ બનાવરાવવામાં આવ્યા.



https://www.facebook.com/krcsc.bhavnagar https://twitter.com/KalyanRCSC
https://in.linkedin.com/pub/kalyan-regional-community-science-center/a3/a44/875

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org



એસ્ટ્રોનોમી સમર કેમ્પના ત્રીજા દિવસે ડૉ. જે. પી. જોષી દ્વારા **Indian Regional Nevigation Setelite System (IRNSS)** અને **Mission of Mars (MOM)** વિષય પર ઓડીયો વિઝયુઅલ પ્રઝન્ટેશ આપેલ. જેમાં જોષીસાહેબે જણાવેલ કે આ સીસ્ટમ ઈસરો દ્વારા કઈ રીતે કાર્યરત છે અને આપણાં રોજીદા જીવનમાં આ સીસ્ટમ કઈરીતે ઉપયોગી છે તેની માહિતી આપેલ.

એસ્ટ્રોનોમી સમર કેમ્પના ચોથા દિવસે ડૉ. સુભાષભાઈ મહેતા દ્વારા **Transit of Merqury** ના સંદર્ભે ટ્રાન્સીટ એટલે શું ?, તેને જોવાના ઘરગથ્થુ ઉપાયો વીશે સમજણ આપી હતી. એસ્ટ્રોનોમી સમર કેમ્પના પાંચમાં દિવસે **Transit of Merqury**ને આંખના નુકશાન વગર જોવા માટે જરૂરી સાધનો વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવવામાં આવ્યા. તા. ૦૯/૦૫/૨૦૧૬ સાંજના ૪:૩૦ થી ૭:૧૧ દરમ્યાન તખ્તેશ્વર મંદિર ખાતે બુધના પારગમનનો કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં ૧૯૦૦થી વધારે લોકોએ આ ઘટના જોવાનો લાભ લીધો.

એસ્ટ્રોનોમી સમર કેમ્પના અંતીમ દિવસે સમાપન કાર્યક્રમમાં મુખ્ય અતિથી શ્રીમતી તૃપ્તીબેન વ્યાસ (સીટી મામલતદાર, ભાવનગર) હાજર રહયા હતા. તેઓએ આ ૭ દિવસીય એસ્ટ્રોનોમી સમર કેમ્પમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને એસ્ટ્રોનોમી વિષય પર રૂચી જોઈ હર્ષની લાગણી વ્યકત કરી હતી. અંતે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ઉપરોકત કાર્યક્રમને સફળ બનાવવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમને સંપુર્ણ માર્ગદર્શન ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા આપવામાં આવેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



https://www.facebook.com/krcsc.bhavnagar
https://twitter.com/KalyanRCSC
https://in.linkedin.com/pub/kalyan-regional-community-science-center/a3/a44/875